નં.જમન/એનએ/રજી.નં.૦૨/૧૮,
વશી.૩૦૫૬ /૧૮
નાયબ કલેકટર કચેરી, ચીખલી,
ચીખલી. તા:૦૧/૦૮/૨૦૧૮

નાયબ કલેક્ટર ચીખલી
Deputy Collector Chikhli
Dist. Navsari
જિલ્લો નવસારી

<u>વંચાણમાં લીધુ:–</u>

(૧) અરજદારશ્રી બ્રીજેશ ભરતભાઈ શાહ વિગેરે C/O, ડીઝાઈન ગ્રૂપ, ૬– સરદાર માર્કેટ યાર્ડ શોપીગ સેન્ટર, નર્સરી રોડ, દેવસર, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારીની તા.૯/૫/૨૦૧૮ની અરજી તથા તા.૧૬/૦૫/૨૦૧૮ની ફેર અરજી
(૨) નગર નિયોજકશ્રી,નવસારીના તા.૧૭/૦૪/૨૦૧૮નાં પત્ર નં.બીપી/ડીપી/ગણદેવી/૩૧૪
(૩) કાર્યપાલક ઈજનેરશ્રી,ડ્રેનેજ વિભાગ,નવસારીનાં તા.૧૮/૬/૨૦૧૮નાં પત્ર નં.પીબી/ ડ્રે.વિ.નં./ બિનખેતી/ ગણદેવી/ ૧૧૭૪
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારીનાં પત્ર ક્રમાંક : એસ.એ.એન/ એસ.ટી/ એન.એ.સર્ટી/ ૨૮૦૦/૨૦૧૮, તા.૭/૬/૨૦૧૮
(૫) મામલતદારશ્રી, ગણદેવીના તા.૨૫/૦૬/૨૦૧૮ના પત્રનં.જમન/રજી.૧૩/વશી.૨૧૬૪/૧૮
(૬) ચીફ ઓફિસરશ્રી,ગણદેવી નગરપાલિકાના તા.૭/૬/૨૦૧૮ના પત્ર નં.૧૯૦/૧૮–૧૯
(૭) ડી.ઈ.લે.રે.શ્રી નવસારીના તા.૧૨/૦૬/૨૦૧૮ના પત્ર નં.ડીએસઓ ૧૮/ એન.એ.અભિપ્રાય/ ગણદેવી/ વશી.૧૦૫૧/૧૮
(૮) કાર્યપાલક ઈજનેરશ્રી, (ઓ. એન્ડ એમ.) ડી.જી.વી.સી.એલ. ડીવીઝન (ગ્રામ્ય) નવસારીના પત્ર નં : ઈઈએન/ટેક/ ડીઆરજી/૫૮૩૬, તારીખ :૦૬/૦૬/૨૦૧૮
(૯) કાર્યપાલક ઈજનેરશ્રી, અંબિકા વિભાગ, નવસારીના પત્ર નં : અંવિન/પીબી–૨/બિનખેતી પરવાનગી/ ગણદેવી–૩૯૮/ અભિપ્રાય/વશી.૨૧૯૨, તારીખ :૧૫/૦૬/૨૦૧૮
(૧૦) સરકારશ્રી મહેસુલ વિભાગના તા.૧–૭–૨૦૦૮નાં ઠરાવ ક્રમાંક :બખપ/ ૧૦૦૬/ ૪૨૫/ક.
(૧૧ સને ૧૮૭૯ ના મુંબઈના જમીન મહેસુલ અધિનિયમની કલમ ૬૫ તથા તે હેઠળના નિયમો
(૧૨) સરકારશ્રી મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંકઃએલઆરસી/૧૦૨૦૦૨/ ૧૬૪૦–ક, તા.૨૨/૪/૨૦૦૩
(૧૩) આ કચેરીનાં પત્ર નં.જમન/એનએ/રજિ.૦૨/૧૮. વશી.૨૨૯૬/૧૮, તા.૨૭/૦૭/૨૦૧૮
(૧૪) અરજદારશ્રી બ્રીજેશ ભરતભાઈ શાહ, ધ્વારા તા.૦૨/૦૮/૨૦૧૮ની અરજી સહ રજુ થયેલ રૂપાંતર કરની રકમનું ચલણનં.૯૨/૨૦૧૮–૧૯ તેમજ માપણી ફી અને બીનખેતી આકાર, લોકલ ફંડ તથા શિક્ષણ વેરો ભરપાઈ કર્યાની રસીદ

<u>હુ ક મ :–</u>

આ કામના અરજદારશ્રી બ્રીજેશ ભરતભાઈ શાહ વિગેરે C/O. ડીઝાઈન ગ્રૂપ, ૬– સરદાર માર્કેટ યાર્ડ શોપીગ સેન્ટર, નર્સરી રોડ, દેવસર, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારીએ આમુખ–૧ની અરજીથી મોજે–ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના સ.નં./બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક તથા વાણિજયના હેતુસર બીનખેતીની પરવાનગી મળવા માંગણી કરેલ છે. સદર અરજી અન્વયે તમામ સબંધિત અધિકારીશ્રીઓના અધિપ્રાય સમયમર્યાદામાં મળી ગયેલ. મામલતદારશ્રી ગણદેવીએ આમુખ–૫ના શેરાપત્રથી જણાવેલ છે કે, પ્રશ્નવાળી , મોજે–ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી. જમીન છે. પ્રશ્નવાળી જમીનની ૭×૧૨ ઉપર ડધાયેલ તમામ ફેરફાર નોંધની ઉત્તરોતર ચકાસણી કરતાં જમીનનું ટાઈટલ કલીયર છે. પ્રશ્નવાળી જમીન જુની શરતની છે. અન્ય કોઈ કાયદા મુજબ પ્રતિબંધિત સત્તાપ્રકાર હેઠળની નથી. જમીન ઉપર કોઈ સરકારી લેણું બાકી નથી. જમીનમાં ગેસ લાઈન/ વીજ લાઈન પસાર થતી નથી. જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદદે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી. જમીનમાં ટુકડા ધારા હેઠળ કે સીલીગ કાયદા હેઠળ કોઈ કેસ ચાલતો નથી. પ્રશ્નવાળી જમીન વાણિજય/રહેણાંકના હેતુ માટે હેતુફેર કરવા મે.કલેકટરશ્રી નવસારીએ તેમના તા.૧૧–૬–૨૦૧૮ના હુકમ નં.જમુશા/ગણત/પરવ/રજી.૧૧/૨૦૧૮/ વશી.૨૦૦૭ થી ૨૦૧૨/૧૮થી પરવાનગી આપેલ છે. જેથી અરજદારની માંગણી મુજબની બીનખેતીની પરવાનગી આપવા અભિપ્રાય થાય છે.

FOR JYOTLAXMI TOWER

PARTNER

ડી.ઈ.લે.રે.શ્રી નવસારીએ આમુખ–૭ના પત્રથી જણાવેલ છે કે, પ્રશ્નવાળી જમીન મોજે–ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના બ્લોક નં.૩૯૮ ની ડી.એસ.ઓ. રેકર્ડથી ખાત્રી કરતા સ્થળે દક્ષિણે તથા પૂર્વે રસ્તો

Scanned with CamScanner

પસાર થાય છે. ગામ નકશાની ખપપુરતી નકલ સામેલ છે. ચીફ ઓફિસરશ્રી ગણદેવી નગરપાલિકાએ આમુખ–૬ના પત્રથી પ્રશ્નવાળી બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક તથા વાણિજ્ય હેતુસર બીનખેતીની પરવાનગીની માંગણી છે. પ્રશ્નવાળી જમીનનો સમાવેશ ગણદેવી નગરપાલિકાના મંજુર થયેલ પુનરાવર્તિત નકશા તેમજ (શહેરી વિકાસ અને શહેરી નિર્માણ ગૃહ વિભાગ) ના પત્ર નં. GN/ V/208/ OF 2015 DVP- 25201, તા.૧/૬/૨૦૧૫ થી સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ નકશામાં વાણિજ્ય ઝોનમાં દર્શાવેલ છે તેમજ પરામર્શ થયેલ અને સરકારશ્રીની મંજુરી અર્થે રજુ થયેલ પ્રારંભિક થયેલ નગર રચના યોજના ગણદેવી–૧ માં કોઈ જાહેર હેતુ માટે અનામત રાખેલ નથી કે કોઈ રસ્તાની રેસા લાઈનને અસર થતી ન હોય પત્રમાં જણાવેલ નં.૧ થી ૭ શરતોને આધિન કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ તેમજ લે–આઉટ પ્લાનમાં સુચવ્યા મુજબ ક્ષેત્રફળ પુરતી જ બીનખેતીની પરવાનગી આપવામાં આવે તો વાંધા સરખુ ન હોવાનું જણાવેલ છે.

નગર નિયોજકશ્રી, નવસારીએ આમુખ–૨ના પત્રથી મોજે–ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના સ.નં./બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી. જમીનનો પ્લાન શરતી મંજુર કરવા ભલામણ કરી, નકશો રજુ કરી, તાંત્રિક ચકાસણી મુજબ નકશા નિયમોનુસાર હોય, પત્રમાં જણાવેલ કુલ–૩૪ શરતોને આધીન લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ આયોજન કરેલ રહેણાંક તથા વાણિજયના હેતુ માટેના ગ્રાઉન્ડ ફ્લોર કુલ ક્ષેત્રફળ ૯૦૬.૯૪ ચો.મી. બાંધકામ + બેઝમેન્ટ એરીયા ૭૪૯.૬૪ ચો.મી. + પહેલો માળ ૮૦૨.૦૭ ચો.મી. + બીજો માળ ૬૨૬.૬૦ ચો.મી. + ત્રીજો માળ ૬૨૬.૬૦ ચો.મી. + ચોથો માળ ૬૨૬.૬૦ ચો.મી. + પાંચમો માળ ૬૨૬.૬૦ ચો.મી. + છઠ્ઠો માળ ૬૨૬.૬૦ ચો.મી. + સાતમો માળ ૩૩૦.૧૨ ચો.મી. + લીફટ કેબિનનું ક્ષેત્રફળ ૧૧.૬૮ ચો.મી. + ટેરેસ ફલોરનું ક્ષેત્રફળ ૩૩.૭૦ ચો.મી. બાંધકામ મળી કુલ ૫૯૬૭.૧૫ ચો.મી. બાંધકામ એફ.એસ.આઈ. પુરતી જ વિકાસ પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નવસારીએ આમુખ–૩ના પત્રથી પ્રશ્નવાળી જમીનનું નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ઓ.એફ.ડી. અને ડ્રેનેજ પેટા વિભાગ, ગણદેવી મારફત સ્થળ નિરીક્ષણ કરાવતાં, તપાસ કરતાં માલુમ પડેલ છે કે, પ્રશ્નવાળી જમીનમાંથી અત્રેની કચેરી હસ્તકની કોઈ ડ્રેઈન પસાર થતી નથી. સદર બ્લોક નંબરમાંથી નહેર પસાર થાય છે કે નહિ. તે બાબતે ફિલ્ડ ચેનલ સહિતની કોઈપણ પ્રકારની નહેર માટે સબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય લેવાનો રહેશે. ચોમાસા દરમ્યાન પાણીનો ભરાવો ન થાય અને પૂરની પરિસ્થિતિમાં પણ પાણીનો નિકાલ સરળતાથી થાય તે બાબતે યોગ્ય કાળજી લઈ બાંધકામ કરવામાં આવે તેમજ પત્રમાં જણાવેલ એનક્ષર–૧ માં દર્શાવેલ ૧ થી ૫ શરતોનું પાલન કરવા અરજદારને સુચના આપી. જેથી અરજદારની માંગણી મુજબની બીનખેતીની પરવાનગી આપવા ભલામણ કરવામાં આવેલ છે. અન્ય તમામ તપાસણી અધિકારીશ્રીઓએ પણ આમુખમાં જણાવેલ પત્રોથી બીનખેતીની પરવાનગી આપવાના કામે હકારાત્મક અભિપ્રાયો આપેલ છે.

અત્રેની કચેરી તા.૧–૫–૨૦૧૧થી અસ્તિત્વમાં આવેલ છે. અત્રેથી સંપાદનના રેકર્ડથી ખાત્રી કરતા હાલે સદર જમીન કોઈપણ યોજનામાં સંપાદન હેઠળ નથી. અન્ય કોઈ સંપાદનની કાર્યવાહી ચાલુમાં નથી. પ્રશ્નવાળી જમીનની ઉત્તરોત્તર નોંધની ચકાસણી કરતા જમીનનું ટાઈટલ કલીયર છે. પ્રશ્નવાળી જમીન જુની શરતની છે. ગણોતધારા કે અન્ય કોઈ કાયદા મુજબ પ્રતિબંધિત સત્તા પ્રકારની નથી. જમીનમાં કોઈ સરકારી લેણું વસુલવાનું બાકીમાં નથી. ટોચ મર્યાદા ધારા હેઠળ સરકારશ્રીમાં સંપ્રાપ્ત થયેલ નથી. જમીનના માલિકીપણા હેઠળ કોઈ કેસ કે વિવાદની કાર્યવાહી ચાલતી નથી. લે–આઉટમાં દર્શાવ્યા મુજબ પ્રશ્નવાળી જમીનને સીધો પ્રવેશ મળે છે. આમ જમીન ટાઈટલ કલીયરવાળી હોય અરજદારની માંગણી મુજબ જમીનમાં વાણિજય તથા રહેણાંકના હેતુસર બીનખેતીની પરવાનગી આપવા થાય છે.

Scanned with CamScanner

સરકારશ્રીના આમુખ-૧૨ મુજબ આ કામે નિયત થતો રહેઠાણના હેતુસર બીનખેતીમાં ફેરવવાનો રૂપાંતર કરની રકમ રૂા.૧૫,૧૭૪/- (અંકે રૂપિયા પંદર હજાર એકસો ચમ્મોતેર પુરા) આમુખ-૧૩ મુજબ આ કામના અરજદારે અત્રેથી મંજુર કરાવેલ ચલણ નં.૯૨/૨૦૧૮-૧૯, તા.૩૦/૦૭/૨૦૧૮થી નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવેલ છે. તેમજ માપણી ફી તથા બીનખેતી આકારની રકમ, લોકલ ફંડ તથા શિક્ષણ વેરાની રકમ ભરપાઈ કર્યાની રસીદ રજુ કરેલ છે.

મોજે-ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના સ.નં./બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક તથા વાણિજ્યના હેતુ માટે ભોંયતળિયે કુલ ૯૦૬.૯૪ ચો.મી. બાંધકામ કવરેજ વિસ્તાર પુરતી જ નીચેની વિગતે તથા આ હુકમ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ બીનખેતી ધારાની રકમ ઉપર નિયમ મુજબ લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર બીજા ફેરફારના હુકમ ન થાય ત્યાં સુધી ભરપાઈ કરવાની તથા નીચે જણાવેલ વધુ શરતોને આધિન તેમજ આ સાથે સામેલ પરિશિષ્ટ-જમાં જણાવેલ શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) નગર નિયોજકશ્રી,નવસારીનાં આમુખ-૨ના પત્રથી મંજુર કરેલ નકશામાં ૨૫૨૯.૦૦ ચો.મી. જમીનમાં લાલ રંગથી દર્શાવ્યા મુજબ ભોંયતળિયે કુલ ૯૦૬.૯૪ ચો.મી. બાંધકામ કવરેજ વિસ્તારથી વધુ જમીનમાં બાંધકામ કવરેજ કરવું નહી અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી. મંજુર કરેલ નકશામાં દર્શાવેલ વિસ્તાર / ક્ષેત્રફળની વિગત આ પ્રમાણે છે.

<u>મંજુર કરેલ લે-આઉટ પ્લાન મુજબ</u>

	એરીયા સ્ટેટમેન્ટ	ક્ષેત્રફળ
(૧)	કુલ જમીનનું ક્ષેત્રફળ (૭/૧૨ રેકર્ડ મુજબ)	૨૫૨૯.૦૦ ચો.મી.
(૨)	રોડમાં ગયેલ ક્ષેત્રફળ (ડી.આઈ.એલ.આર.માપણી શીટ મુજબ)	૨૮૪.૦૦ ચો.મી.
(૩)	સ્થળ ઉપરનું કુલ ક્ષેત્રફળ	૨૨૪૫.૦૦ ચો.મી.
(૪)	ડી.પી. રોડ એલાઈમેન્ટમાં ગયેલ ક્ષેત્રફળ	૩૦૭.૧૦ ચો.મી.
(૫)	નેટ એરીયા ફોર પ્લાનીગ (૩ – ૪)	૧૯૩૭.૯૦ ચો.મી.
(૬)	રાખવાપાત્ર કોમન પ્લોટનું ક્ષેત્રફળ ૧૦ %	૧૯૩.૭૯ ચો.મી.
(૭)	સૂચિત કોમન પ્લોટનું ક્ષેત્રફળ	૨૦૦.૬૩ ચો.મી.
(૮)	ભોંયતળીયે મળવા પાત્ર બાંધકામ	૯૦૬.૯૪ ચો.મી.
(૯)	સુચિત બાંધકામનું ક્ષેત્રફળ	
	એ-બેઝમેન્ટ : ૭૪૯.૬૪ ચો.મી.	
	બી-ભોયતળિયે : ૯૦૬.૯૪ ચો.મી.	
	સી-પહેલો માળ : ૮૦૨.૦૭ ચો.મી.	
	ડી-બીજો માળ : ૬૨૬.૬૦ ચો.મી.	
	ઈ-ત્રીજો માળ : ૬૨૬.૬૦ ચો.મી.	
	એફ-ચોથો માળ : ૬૨૬.૬૦ ચો.મી.	
	જી-પાંચમો માળ : ૬૨૬.૬૦ ચો.મી.	
	એચ-છઠો માળ : ૬૨૬.૬૦ ચો.મી.	
	આઈ-સાતમો માળ : ૩૩૦.૧૨ ચો.મી.	
	જે-ટેરેસ ફ્લોર : ૩૩.૭૦ ચો.મી.	
	કે-લીફ્ટ કેબિન : ૧૧.૬૮ ચો.મી.	
	કુલ બાંધકામ-	૫૯૬૭.૧૫ ચો.મી.

Scanned with CamScanner

(૧૧) બીનખેતી કરવાપાત્ર કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ ચો.મી.

(૨) બીનખેતી પ્લોટ પૈકીની કોમન પ્લોટ તથા ખુલ્લી જમીન ફ્લેટ હોલ્ડર/દુકાન હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે. તે ઉપર મૂળ માલિકીનો કોઈ હકક રહેશે નહી.

(૩) પ્રશ્નવાળી જમીનને લે-આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે પ્રશ્નવાળી જમીનને સીધો પ્રવેશ મેળવે છે.

(૪) નકશામાં દર્શાવ્યા મુજબનાં માર્જીન તથા ખુલ્લી જગ્યાએ સ્થળ ઉપર છોડવાની સંપુર્ણ જવાબદારી માલિકની રહેશે. તેમજ તે મુજબના માપો તથા માર્જીનો સ્થળે જાળવવાનાં રહેશે.

(૪.૧) બાંધકામ શરૂ કરતાં પહેલાં સ્થાનીક નગરપાલિકા પાસેથી પ્લાન મંજુર કરાવી પરવાનગી મેળવવી પડશે. અને તે મુજબ માર્જીન તથા રસ્તા રેસા અને અન્ય નિયંત્રણો નિયમ મુજબ પાલન કરવાના રહેશે અને વખતોવખત પ્લીથ ચેક તથા કમ્પલીશન સર્ટીફિકેટ તથા વપરાશ સર્ટિફિકેટ મેળવવાના રહેશે.

(૪.૨) કોઈપણ જાતનું વધારાનું બાંધકામ કરી શકાશે નહી કે મંજુર કરેલ યુનીટમાં ફેરફાર કરી શકાશે નહી.

(૪.૩) પ્રાથમિક સુવિધાઓ જેવી કે ગટર લાઈન, ખાળકુવો, વિજળી, વરસાદી પાણીના નિકાલ તથા રસ્તા વિગેરેની સુવિધાઓ અરજદારશ્રીએ પ્રથમ પૂરી પાડવાની રહેશે.

(૪.૪) પ્રશ્નવાળી જમીનમાં આયોજન કરેલ વાણિજય તથા રહેઠાણ હેતુસરની સદર પરવાનગી અન્વયે ભોયતળીયે કુલ ક્ષેત્રફળ ૯૦૬.૯૪ ચો.મી. બાંધકામ કવરેજ વિસ્તાર માટે જ વિકાસ પરવાનગી આપવામાં આવી છે. જેથી તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર સક્ષમ સત્તાધીશની રીવાઇઝ પરવાનગી વિના કરી શકાશે નહી.

(૪.૫) પ્રશ્નવાળી જમીનમાં આયોજન કરેલ સૂચિત બાંધકામ શરુ કરતા પહેલા સ્થાનિક સંસ્થા ધ્વારા સોઈલ ટેસ્ટીંગ રીપોર્ટ અને સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેની ડીઝાઈન મેળવી લેવાની રહેશે.

(૪.૬) બાંધકામના નિયમોં સહ જોગવાઈ પ્રમાણે ઉપયોગ માટેના નિયત મુજબના હેતુઓ માટે અને તે પ્રમાણે જ કોમન બાંધકામ તથા તેનો ઉપયોગ કરી શકાશે. કોમન પ્લોટનો અન્ય બીજા કોઈ હેતુ માટે બાંધકામ કે ઉપયોગ કરી શકશે નહી.

(૪.૭) નગર નિયોજકશ્રી નવસારીએ આમુખ-૨ના પત્રમાં જણાવેલ તમામ શરતોનું અરજદારે પાલન કરવાનું રહેશે.

(૫) કોમન પ્લોટ તથા રસ્તાની જમીનનું હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલ થઈ શકશે નહી.

(૬) સાર્વજનીક પ્લોટ/રસ્તા સહીતની સમગ્ર જમીનનો બીનખેતી આકાર,ફ્લેટ વેચાણ કરવામાં આવે, ત્યાં સુધી મૂળ ખાતેદાર અને ફલેટ વેચાણ કર્યોથી તમામ ફ્લેટ/દુકાન હોલ્ડરે પ્રમાણસર ભરવાના રહેશે.

(૭) રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે તેમ છતાં રસ્તાનો ઉપયોગ તો ફ્લેટ/દુકાન હોલ્ડરના રહીશોએ જ કરવાનો રહેશે.

(૮) નાયબ કલેકટરશ્રીની તથા સક્ષમ સત્તાધીશની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય મંજુર કરેલ બાંધકામ કે ખેતી સિવાય પ્લોટમાં કોઈપણ જાતનો વધારો અગર બીજા ફેરફાર કરવા નહી તેમજ વધારાનું બાંધકામ કરવું નહી.

(૯) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮(૪) હેઠળ નાયબ કલેકટરશ્રીની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય સદર જમીનની તથા બાંધકામની વાણિજય/રહેણાંક સિવાયના હેતુ માટેના ઉપયોગ સારું મનાઈ ફરમાવવામાં આવે છે.

(૧૦) આ હુકમ થયાની તારીખથી ૬ માસમાં ખેતી સિવાયનું કૃત્યુ શરૂ કરવું પડશે અને જો તેમ કરવામાં કસૂર થશે તો શરતભંગ બદલ બિનખેતીનો ધારો તથા દંડ જે કાંઈ નકકી થાય તે ભરવા પડશે.

Scanned with CamScanner

(૧૧) કબજેદારે બેતી સિવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી ૧(એક) માસમાં નગરપાલિકા અધિકારી મારફત બેતી સિવાયનું કૃત્ય શરૂ કર્યાની લેખિત જાણ મામલતદાર/સીટી સર્વે ઓફિસરને આપવી પડશે. જો તેમ કરવામાં કસુર થશે તો બેતી સિવાય ધારા ઉપરાંત દંડ ભરવાનેપાત્ર રહેશે.

(૧૨) કબજેદારે આ હુકમ મળ્યેથી બેતી સિવાયના પ્લોટની માપણી સર્વે ખાતા મારફત કરાવવાની રહેશે. સર્વે ખાતા તરફથી માપણી મુજબ ક્ષેત્રફળમાં જો કોઈ ફેરફાર કરે તે મુજબ આ હુકમ તથા કરી આપવાની સનદો ફેરફારને પાત્ર રહેશે.

(૧૩) કબજેદારે બેતી સિવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી ૨(બે) માસમાં પરંતુ આ હુકમની તારીખથી ૮ માસથી મોડું નહી તેટલી મુદતમાં તથા અપીલનો સમય પુરો થયા બાદ નમૂના "એમ" માં આ હુકમમાં જણાવેલી તમામ શરતો સહીતની સનદ મુદતમાં કરી આપવી પડશે અને આ પરવાનગી સનદમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૧૪) ખાળકૂવા તથા ગટર વ્યવસ્થા યોગ્ય નિયમિત સાફ કરાવવા માટે ગોઠવણ કરવાની જવાબદારી સાથે જ બાંધવાના રહેશે.

(૧૫) કૂવાથી ૧૦૦ ફૂટ અંદર નજીક ખાળકૂવા બાંધવા નહી.તેમજ આ કૂવાનો ઉપયોગ કરવો નહી.

(૧૬) મંજુર કરેલ બેતી સિવાયના પ્લોટની જમીનની આજુબાજુ કંપાઉન્ડ દિવાલ બાંધવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો સાડા ત્રણ ફુટથી વધુ ઉંચાઈની બાંધવી નહી.તેમજ રસ્તા તરફની બાજુએ દિવાલ બાંધવાની હોય તો નાયબ કલેકટરશ્રીની પૂર્વે મંજુરી મેળવ્યા સિવાય બાંધવી નહી.

(૧૭) ખાળકૂવા અને ખાળકોઠીનો ઉપયોગ મળસંગ્રહ માટે કરવો નહી.

(૧૮) આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂરું કરવાનું રહેશે તથા પુર્ણ કર્યા બાદ ૧ માસમાં જાણ કરવાની રહેશે.

(૧૯) બાંધકામમાં સહેલાઈથી બળી જાય તેવો સ્ફોટક પદાર્થ સાધનોનો ઉપયોગ કરવો નહી.

(૨૦) વરસાદી પાણીના ભૂગર્ભ વહન/ સંચય માટે દર મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજુરી મુજબ) દીઠ એક ના દરે પર કોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૨૧) કબજેદાર ચોમાસા દરમ્યાન પાણીનો ભરાવો ન થાય અને પુરની પરિસ્થિતિમાં પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય તેવી કાળજી લઈ બાંધકામ કરવાનું રહેશે.

(૨૨) કબજેદારે કાર્યપાલક ઈજનેરશ્રી,ડ્રેનેજ વિભાગ,નવસારીને રજુ કરેલ બાહેંધરીખતમાં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૩) આ કામે પ્રશ્નવાળી જમીન બાબતે ભવિષ્યમાં કોઈ સરકારી મહેસુલી લેણું બાકી નિકળશે તો તે નિયત સમયમાં ભરપાઈ કરવાની સંપૂર્ણ જવાબદારી આ કામના અરજદારની રહેશે.

(૨૪) ઉપરની તમામ શરતો તથા આ સાથે સામેલ પરીશિષ્ટ–જમાં જણાવેલ શરતોને આધિન આ પરવાનગી આપવામાં આવે છે. તેમાં જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો આ પરવાનગી પૂરી અથવા પરવાનગીનો અમુક ભાગ રદ થવાને પાત્ર થશે.

(૨૫) <u>શિક્ષાત્મક કલમ :</u>

અ: અરજદાર ઉપરોકત કોઈપણ શરતનો ભંગ કરે તો નાયબ કલેકટરશ્રી સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર જે કોઈપણ બીજી શિક્ષાને પાત્ર હોય તેને બાધ આવ્યા સિવાય તેને ફરમાવવા યોગ્ય લાગે તો તે પ્રમાણે દંડ અથવા આકાર લઈ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઈ શકશે.

બ: ઉપરની પેટા કલમ – અ માં ગમે તે મજકુર હોય તેમ છતાં આ સદરહુ પરવાનગી વિરુધ્ધ બાંધેલ અથવા વપરાતા કોઈપણ મકાન અથવા ઈમલાને નાયબ કલેકટરશ્રીએ આ સાથે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવા અથવા તે ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો નાયબ કલેકટરશ્રી તેમ

Scanned with CamScanner

કરવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલી બાકી તરીકે વસુલ કરવા મુખત્યાર છે તથા જમીન ખાલસાપાત્ર થશે.

૭: સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના તા: ૨૭/૦૩/૨૦૦૧ તથા તા.૨૯/૫/૨૦૦૧ના ઠરાવથી ઠરાવેલ પરિશિષ્ટ-૨(ડી)માં સૂચવ્યા મુજબ જે બાંહેધરી ખત આપના તરફથી રજુ થયેલ છે તે મુજબ બાંધકામ કરવામાં ન આવશે તો જમીન માલીક, ડેવલપર્સ, કોન્ટ્રાક્ટર્સ, સ્ટ્રકચરલ એન્જિનીયર, નગરપાલિકાના ચીફ ઓફિસર અને અન્ય જે કોઈ વ્યક્તિ સંકળાયેલી હશે તે ફોજદારી રાહે કાર્યવાહીને આધિન ઠરશે.

<u>ભરવાપાત્ર બીનખેતીની આકાર તથા નિયમ મુજબ લોકલ ફંડ, શિક્ષણ ઉપકર વિગેરે દર્શાવતું પત્રક</u>

અનુ.	વિગત / રકમ
૧. બીનખેતીની પરવાનગી આપેલ જમીનનો સર્વેનંબર/ ક્ષેત્રફળ/ કબજેદારનું નામ	મોંજે-ગણદેવી, તા.ગણદેવી, જી.નવસારીના સ.નં./બ્લોક નં.૩૯૮ વાળી કુલ ક્ષેત્રફળ ૨૫૨૯.૦૦ વાળી જમીન કબજેદારશ્રી : બ્રીજેશ ભરતભાઈ શાહ વિગેરે
૨. બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ	૨૫૨૯.૦૦ ચો.મી.
૩. નિયમ મુજબ લેવાના બીનખેતીના આકારના દર તથા કેવા પ્રકારની બીન ખેતીના ઉપયોગ છે તે વિગત	વાણિજ્ય/રહેણાંકના હેતુસર પ્રતિ ચો.મી.ના રૂ.૦.૩૦ પૈસા પ્રમાણે
૪. વસુલ કરવામાં આવનાર બીનખેતી આકારની કુલ રકમ	રૂ.૭૫૯/-
૫. રૂપાંતર કર ની રકમ	રકમ રૂ.૧૫,૧૭૪/- તા.૩૦/૦૬/૧૮નું ચલણનં.૯૨/૧૮-૧૯ થી ભરપાઈ કરેલ છે
૬. અન્ય કોઈ વેરો વસુલ કરવાના હોય તો તેની રકમ (લોકલ ફંડ)	રૂ.૩૮૦/-
૭. શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ	રૂ.૧૯૦/-
૮. કોલમ નં.૪,૬,૭ નો વેરો કઈ તારીખથી લેવાના છે.	તા : ૦૧/૦૮/૨૦૧૮

નાયબ કલેક્ટર ચીખલી
Deputy Collector Chikhli
Dist. Navsari
જિલ્લો નવસારી

(આર.બી.ભોગાયતા)
નાયબ કલેક્ટર ચીખલી

રજી.પો.એ.ડી.થી

પ્રતિ,

શ્રી બ્રીજેશ ભરતભાઈ શાહ વિગેરે
રહે.C/O. ડીઝાઈન ગ્રુપ, ૬- સરદાર માર્કેટ યાર્ડ શોપીગ સેન્ટર,
નર્સરી રોડ, દેવસર, બીલીમોરા,
તા.ગણદેવી, જી.નવસારી

નકલ રવાના : ચીફ ઓફીસરશ્રી,ગણદેવી નગરપાલિકા, ગણદેવી તરફ જાણ તથા અમલ સારું. (મંજુર થયેલ નકશાની નકલ સહિત)
નકલ રવાના : નગર નિયોજકશ્રી,નવસારી તરફ જાણ સારું.
નકલ રવાના : મામલતદારશ્રી,ગણદેવી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું. (મંજુર થયેલ નકશાની નકલ સહિત)
નકલ રવાના : ત.ક.મંત્રીશ્રી, ગણદેવી તરફ જાણ તથા અમલ સારું.
નકલ રવાના : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારી તરફ જાણ તથા અમલ સારું.
નકલ રવાના : કા.ઈ.શ્રી. દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ.નવસારી, તરફ જાણ તથા અમલ સારું.
નકલ રવાના : કા.ઈ.શ્રી. અંબિકા વિભાગ, નવસારી, તરફ જાણ તથા અમલ સારું.

Scanned with CamScanner

નકલ રવાના : ડી.ઈ.લે.રે.શ્રી નવસારી તરફ જાણ તથા માપણીની તેમજ અન્ય જરૂરી કાર્યવાહી કરવા સારું. (મંજુર થયેલ નકશાની નકલ તથા ભરેલ માપણી ફીનું ચલણ સહિત)

નકલ રવાના : કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નવસારી તરફ જાણ સારું.

નકલ એનએ સિલેકટ ફાઈલે

Scanned with CamScanner

<u>પરિશિષ્ટ-૪</u>

<u>બિનખેતી પરવાનગી મેળવવા ઈચ્છતા અરજદારે પાલન કરવાની શરતો :</u>

(૧) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડસ દ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઈએ.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે, પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે. અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફ્લોર મીલ, સિનેમા/ટુરીગ સિનેમા/થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ,કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલાં જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી. ની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

<u>અરજદારે ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.</u>

FOR JYOTLAXMI TOWER

PARTNER

નાયબ કલેક્ટર ચીખલી
Deputy Collector Chikhli
Dist. Navsari
જિલ્લો નવસારી

(આર.બી.ભોગાયતા)
નાયબ કલેક્ટર ચીખલી

Scanned with CamScanner

FROM:- શૈલેષ લક્ષ્મીચંદ શાહ તથા જાગૃતિબેન
મનહરભાઇ પટેલ, જ્યોત લક્ષ્મી ટાવર
ભાગીદારી પેઢી ના ભાગીદાર, ધનોરી
ચાર રસ્તા, બીલીમોરા નવસારી રોડ,
ગણદેવી

મો. ૭૦૬૫૯૯૬૭૧

તા. 17/02/2021

TO,

ચીફ ઓફિસર શ્રી,

ગણદેવી નગરપાલિકા

ગણદેવી

વિષય:- હમારા પ્રોજેકટ " ખુશી હાઈટ" ની ફાયર ફાઇટીંગ ઈક્વિપમેંટ ના ઇન્સ્ટોલેશન માટે ની રીજીયોનલ ફાયર ઓફિસર શ્રી, પાસે થી NOC લેવા બાબત

મે. સાહેબ

ઉપરોક્ત વિષય અન્વયે સવીનય જણાવવા નું કે મોજે. ગણદેવી ના રે સ ન. ૩૯૮, ધનોરી ચાર રસ્તા, બીલીમોરા નવસારી રોડ, ગણદેવી ખાતે આવેલ મિલકત માં સૂચિત " ખુશી હાઈટ" (વાણિજ્ય + રેહણક) ના બાંધકામ કરવા માટે ની પરવાનગી રજાચિઠ્ઠી અંક ન. ૦૨/૦૨/૨૦૧૮ - ૧૯ તા ૨૧-૦૨-૨૦૧૯ થી મેળવી સ્થળે હમો એ બાંધકામ ચાલુ કરેલ હતું.

સરકાર શ્રી ના પરિપત્ર મુજબ હમો એ ફાયર ફાઇટીંગ ની જરૂરિયાત માટે ફાયર ફાઇટીંગ ઈક્વિપમેંટ લગાવતા પેહલા રીજીયોનલ ફાયર ઓફિસર શ્રી પાસે થી NOC લેવા ની થતી હોય, તેઓ શ્રી પાસે થી, NOC લેવા, તેઓ શ્રી ને પત્ર દ્વારા જાણ કરી પ્રી NOC મંગાવવા નમ્ર અરજ છે,

સહકાર ની અપેક્ષા સહ

આપના વિસ્વાસુ

કલાર્ક 17/2/21
ગણદેવી નગરપાલિકા

Scanned with CamScanner

1601 / 2021

INDIA NON JUDICIAL

Government of Gujarat

Certificate of Stamp Duty

सत्यमेव जयते

Certificate No.	:	IN-GJ15579742294870T
Certificate Issued Date	:	17-Feb-2021 12:38 PM
Account Reference	:	IMPACC (SV)/ gj13128504/ NAVSARI/ GJ-NV
Unique Doc. Reference	:	SUBIN-GJGJ1312850467612463012927T
Purchased by	:	JYOT LAXMI TOWAR
Description of Document	:	Article 18 Certificate or Other Document
Description	:	AFFIDAVIT
Consideration Price (Rs.)	:	0 (Zero)
First Party	:	JYOT LAXMI TOWAR
Second Party	:	Not Applicable
Stamp Duty Paid By	:	JYOT LAXMI TOWAR
Stamp Duty Amount(Rs.)	:	300 (Three Hundred only)

NOTARY ★ GOVT. OF GUJARAT (INDIA) ★ MOHITKUMAR R. PATEL NAVSARI DISTRICT REG. No. 754/2009

NOTARY GOVT. OF GUJARAT (INDIA)

PRAMILABEN N. MAURYA BILIMORA ★

P. maurya

LB 0015388995

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

Scanned with CamScanner

SHCIL

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

GOVT. OF GUJARAT (INDIA) NOTARY MOHITKUMAR R. PATEL NAVSARI DISTRICT REG. No. 754/2009

GOVT. OF GUJARAT (INDIA) NOTARY MOHITKUMAR R. PATEL NAVSARI DISTRICT REG. No. 754/2009

OF GUJARAT (IND... 2009

Warning

"The contents of this certificate can be verified and authenticated world-wide by any members of the public at www.shcilestamp.com or at any Authorised collection center address displayed at www.shcilestamp.com free of cost."

"Any alteration to this certificate renders it invalid. Use of an altered certificate without all the security features could constitute a criminal offence."

"This document contains security features like coloured background with Lacey Geometric Flexible patterns and Subtle Logo images, Complex ornamental design borders, Anti - copy text, the appearance of micro printing, artificial watermarks and other Overt and Covert features."

Scanned with CamScanner

Affidavit Cum Declaration

Affidavit cum declaration of Mr. **SHAILESH HLAXMICAND SHAH** PARTNER & AUTHORISED SIGNATORY OF **JYOT LAXMI TOWER** for the project **"KHUSHI HEIGHT"** situated at R.S. No. 398, Near Dhanori Char Rasta, Opp. Gandevi Sugar Factory, GANDEVI, Ta. GANDEVI, Dist- NAVSARI.

I **SHAILESH LAXMICHAND SHAH** duly authorized by the promoter (FIRM- **JYOT LAXMI TOWER**) of the project (**KHUSHI HEIGHT**) , do hereby, solemnly declare, undertake and state that.

I have submitted application for RERA acknowledgement No. **PR/NAVSARI/GANDEVI/NAVSARITPO/01228/010033** for my above mentioned project.

We asked to submit fire application copy of local authority, sir we have already been applied for fire opinion on date 17-02-2021. We have have submitted the application copy. We will try to get the opinion of fire safety authority as soon as possible and submit the same at RERA office.

Kindly consider this affidavit and grant us the registration.

Deponent

BEFORE ME

MOHITKUMAR R. PATEL
ADVOCATE & NOTARY
GOVT. OF GUJARAT - INDIA
NAVSARI DISTRICT

Regd. Sr. No. 1661/2021
Date :- 17 FEB 2021

Scanned with CamScanner